અડાલજ વિસ્તારમાં ગાડીના કાચ તોડી ચોરી કરતી ગેંગનો સભ્ય ઝડપાયો

ગાંધીનગર, તા.૨૯

અડાલજ વિસ્તારમાં આવેલા પાર્ટી પ્લોટ,ગાર્ડન રેસ્ટોરન્ટ તેમજ હોટલના પાર્કિંગમાં પાર્ક કરેલી ગાડીઓના કાચ તોડી ચોરી કરતી ગેંગના એક સભ્યને

એલસીબી-૨ પોલીસે દબોચી લીધો છે. આરોપી પાસેથી એકસેસ અને રોકડા રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૪૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ચાર ગુનાનો ભેદ પોલીસે ઉકેલી દીધો છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પોલીસ મથકના પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે સાથે રહેલા હે.કો. હસમુખભાઈ હેમુભાઈ અને પો.કો.સચિનસિંહ સતુજીને બાતમી મળી હતી.અપોલો સર્કલ પાસે ફોર્ચ્યુન હોટલ બહારથી કેટા ગાડીનો કાચ તોડી રૂ.૩.૪૦ લાખની ચોરી થઈ હતી. જેમાં એકસેસ નં.જી.જે.૧૮.સીજી.-૦૭૭૭ નો ઉપયોગ થયો હતો. આ એકસેસ હાલ કોબા સર્કલ થી નર્મદા કેનાલ પસાર કરી અપોલો સર્કલ થઈ અમદાવાદ તરફ જવાનું છે. જેથી પોલીસે વોચમાં રહીને બાતમીવાળુ એકસેસ આવતા વિવેક ઉર્ફે ગુરુ વિશાલભાઈ મોહનલાલ રાઠોડ (સાસી છારા,ઉ.૨૮, રહે.મહાજનીયા વાસ નાનુ છારા નગર રામજી મંદિરની બાજુમાં નરોડા)ને પકડી પાડ્યો હતો. પોલીસે યુવકની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા તેણે ગત તા. ૧૩-૧૧-૨૦ ના રોજ ધનતેરસના દિવસે પોતાની પત્ની જૈમીની તેમજ મિત્ર હેમંત ચૌધરી ઉર્ફે મજનુ તેમજ કાજલ મિતેશ પાનવેકર સહિતના સભ્યોએ એકઠા થઈને હોટલ ફોર્ચ્યુન ખાતે પહોંચ્યા હતા.જેમાં જૈમિની અને કાજલે રેકી કરીને વિવેક અને હેમંતને એક ગાડીમાં બેગ હોવાનું જણાવ્યું હતું. વિવેક અને હેમંતે ગાડી પાસે જઈને કેટા ગાડીનો પાછળની ડાબી બાજુનો કાચ ડિસમીસથી તોડી અને બેગની ઉઠાંતરી કરી હતી. પોલીસે આરોપીની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા વર્ષ ૨૦૧૭ માં સુઘડ ખાતે આવેલા મનહર પાર્ટી પ્લોટ પાસે પાર્ક કરેલી કારનો કાચ તોડી મરૂન કલરની બેગ ઉઠાવી હતી, જેમાં રૂ.૭૦ હજાર હતા. વર્ષ ૨૦૧૬ શગુન ફાર્મ પાર્કિંગમાં રહેલી આઈટેન ગાડીમાં પાછળની બાજુના દરવાજાનો નાનો કાચ તોડી ગાડીમાંથી બે પર્સ ઉઠાવ્યા હતા જેમાં રૂ. ૮ થી ૧૦ હજારની મત્તા હતી. જયારે વર્ષ ૨૦૧૬ માં શ્રીનાથ પાર્ટી પ્લોટ ખાતે પાર્ક કરેલી અર્ટીગા ગાડીના ડ્રાઈવર સાઈડ પાછળનો દરવાજો તોડીને રૂ.૪૦ હજાર ભરેલી બેગની ઉઠાંતરી કરી હતી. આ તમામ ઘટનાને આરોપીએ અંજામ પત્ની, મિત્ર અને અન્ય યુવતિ સહિતની મદદથી આપ્યો હતો. પોલીસે ત્રણેય વ્યકિતને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સિવિલમાં ઓકિસજન ટેંક મુકવાની તૈયારીઓ પુરજોશમાં

સિવિલ હોસ્પિટલમાં ૮ લીટર લીકવીડ ઓકિસજન ટેંક ફીટ કરવાની છે. ત્યારે ટેંક મુકવા માટે તૈયારીઓ થઈ ગઈ છે. ટેંક મુકવા માટે ખાસ ઓટલાની વ્યવસ્થા કરાઈ છે. ત્યારે ઓકિસજન ટેંક ફીટ થયા બાદ ઓકિસજનની ક્ષમતામાં ભારે વધારો થશે.

રાજ્યમાં કોરોનાના નવા ૧૫૬૪ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૧૬ લોકોનાં મૃત્યુ : કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૪૮૮૯ થઈ, ૧૮૯૪૨૦ દર્દીઓ કોરોનાથી સ્વસ્થ થયાં : કુલ મૃત્યુઆંક ૩૯૬૯

અમદાવાદ, તા. ૨૯

વિશ્વ સહિત ભારતમાં પણ કોરોનાનો કહેર વધતો જાય છે. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ કોરોનાનો કહેર કેરળમાં જોવા મળ્યો છે જયાં ૬૨૫૦ કેસ નોંધાયા હતા તો બીજા ક્રમે મહારાષ્ટ્ર છે જયાં ૫૯૬૫ કેસ નોંધાયા છે. ગુજરાતમાં પણ કોરોનાનું સંક્રમણ વધતું જાય છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૫૬૪ નવા કેસ સામે આવ્યા છે અને વધુ ૧૬ મોત નીપજ્યાં છે. જેથી કોરોનાનો કુલ આંકડો પણ ૨૦૮૨૭૮ થયો છે.

૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૬૮,૯૬૦ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૭૭,૫૯,૭૩૯ થયો છે. રાજ્યમાં ૧૫૬૪ નવા દર્દીઓ સામે ૧૪૫૧ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૮૯,૪૨૦ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૧૦૬૦.૯૨ ટેસ્ટ થાય છે.

રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૧૭,૫૬૯ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૫,૧૭,૩૭૯ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૧૭૨ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૪૮૮૯ એક્ટિવ કેસ છે. જેમાંથી ૮૬ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૪૮૦૩ની સ્થિતિ સ્ટેબલ છે.

રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ ૧૬ દર્દીઓ મોતને ભેટ્યા હતાં. જેમાં સુરત કોર્પોરેશનમાં ૩, અમદાવાદ કોર્પોરેશનમાં ૧૧, ભરુચ અને ખેડામાં ૧-૧ મોતનો સમાવેશ થાય છે. જેથી હવે રાજ્યમાં કોરોના મહામારીના કારણે કુલ મૃત્યુઆંક પણ ૩૯૬૯ થયો છે.

દેવ દિવાળીમાં રાજ્યના ત્રણ મોટા મંદિરો ભક્તો માટે બંધ

રાજ્યમાં દેવ દિવાળીએ શામળાજી, ડાકોરનું મંદિર અને બહુચરાજી મંદિરો શ્રદ્ધાળુઓના દર્શન માટે બંધ રહેશે

અમદાવાદ, તા. ૨૯

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ત્રણ મોટા મંદિરોએ સોમવારે દેવ દિવાળીએ કાર્તિક પૂર્ણિમાની રાત્રે મંદિરના દરવાજા બંધ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં શામળાજી મંદિર, બહુચરાજી મંદિર અને ડાકોર મંદિરનો સમાવેશ થાય છે. મંદિર ટ્રસ્ટોએ સોમવારે મંદિરો ન ખોલવાનું નક્કી કર્યું છે જેથી ભક્તોની ભીડ નહીં ઉમટે અને કોરોનાના સંક્રમણને પણ રોકી શકાશે. શામળાજી ખાતે શ્રી વિષ્ણુ મંદિર ટ્રસ્ટના મેનેજર કનુ પટેલે જણાવ્યું હતું કે, દેવ દિવાળી પર ચાર દિવસ સુધી એવી પરંપરા છે કે મંદિરની પાસે નાગધારા નામના સ્થળે વિશાળ મેળાનું આયોજન કરવામાં આવે છે. 'રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશથી લોકો આવે છે. ભક્તો મેળામાં ભાગ લઈ પ્રાર્થના માટે મંદિર આવે છે. આ દિવસોમાં મંદિરમાં દરરોજ સામાન્ય રીતે ૨૦,૦૦૦થી ૩૦,૦૦૦ શ્રદ્ધાલુઓ આવે છે. અમે કોવિડ -૧૯ને કારણે આવા મેળાવડાઓ ટાળવા માંગતા હતા. પટેલે જણાવ્યું હતું કે, મેળો રદ કરવામાં આવ્યો છે અને મંદિર પણ ૨૭થી ૩૦ નવેમ્બરની વચ્ચે બંધ કરવામાં આવ્યું છે.' દેવ દિવાળી પર મંદિરમાં ભક્તો વિના ધાર્મિક વિધિ કરવામાં આવશે. આવી જ રીતે ડાકોરનું મંદિર પણ દેવ દિવાળી પર બંધ રહેશે. ટ્રસ્ટના મેનેજર રાવેન્દ્ર ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, 'પૂનમનો પ્રસંગ આ મંદિર તરફ લગભગ ૭ લાખ ભક્તોને આકર્ષે છે. આ રોગચાળા દરમિયાન અમે આટલા વિશાળ મેળાવડાને પરવડી શકતા નથી અને તેથી મંદિર બંધ રહેશે.' મહેસાણા જિલ્લાના બહુચરાજી ખાતેનું બીજું એક મોટું મંદિર બહુચરાજી પણ દેવ દિવાળીના દિવસે બંધ રહેશે. અહીં સામાન્ય રીતે ૨૦,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ મંદિરની મુલાકાતે આવતા હોય છે.

૫૮ નવા કેસ

- **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે.જ્યારે સે. ૨, ૨૮, ૫, ૬ માં બે-બે કેસ તેમજ સે. ૨૬, ૨૯, ૨૧, ૨૨ અને ઈન્ફોસીટીમાંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસોમાં ૮ મહિલા દર્દી છે. તો ૮ જેટલા મોટીવયના દર્દીઓ પણ છે. આજે એક દર્દીને સિવિલમાં તો એક દર્દીને એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં ૨૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં ૩૦૦ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૭ હજાર જેટલા લોકોને હોમ આઈસોલેશન હેઠળ રાખવામાં આવ્યા છે.

શહેરમાં છેલ્લા બે દિવસથી સંક્રમણના કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જો કે શહેરમાં છેલ્લા ૧૫ દિવસમાં મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો જરૂર થયો છે. જિલ્લામાં ભીડભાડવાળા સ્થાનો પર સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તે માટે તંત્રએ કડક સૂચનાઓ પણ જારી કરી છે. શહેરમાં ત્રણ દિવસનું મીની વેકેશન સંક્રમણના વધતા કેસોને નાથવામાં પૂરક પગલાં જેવુ રહ્યુ હોવાની ચર્ચા પણ લોકજીભે થતી સાંભળવા મળી છે.

ખૂણેખાંચરેથી

- સિંગતેલના તેમજ કપાસિયાના તેલમાં ડબ્બાના ભાવમાં વધારો થતાં મધ્યમ વર્ગ ચિંતીત બન્યો છે.
- પત્રકાર મિલન વ્યાસને કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. થોડા દિવસ પહેલાં પાટનગરના છ પત્રકારો કોરોનાથી સંક્રમિત થયા હતા.
- વિવિધ ગ્રામ વિકાસની યોજનાઓની સમીક્ષા માટે દિશાની વર્ચ્યુઅલ બેઠક આગામી માસમાં યોજવામાં આવશે.
- ગાંધીનગર શહેરમાં દિપાવલીના પર્વ પછી ૧૦૦ જેટલી મહિલાઓ કોરોનાની ઝપટે ચડી છે.
- પત્રકાર દિલીપ પ્રજાપતિએ આજે તેનો જન્મદિવસ પરિવાર સાથે અત્યંત સાદગીથી મનાવ્યો હતો.
- શહેરમાં માર્ગોના પેવરીંગનું કામ રજાના દિવસોમાં ઝડપથી આટોપવાનું આયોજન માર્ગ-મકાન વિભાગે કર્યું છે.

એડવોકેટ્સ વેલ્ફેર ફંડમાં રીન્યુઅલ ફી જમા કરાવવા બાબત

ગુજરાત એડવોકેટ્સ વેલ્ફેર ફંડ એક્ટ, ૧૯૯૧ની જોગવાઈ મુજબ દરેક એડવોકેટ્સે ગુજરાત એડવોકેટ્સ વેલ્ફેર ફંડમાં તેમનુ ત્રીજા બ્લોક પીરીયડના ત્રીજા વર્ષના ગાળાની નિયત કરેલ વાર્ષિક રીન્યુઅલ ફી જમા કરાવવી ફરજીયાત છે. આ વર્ષની ફી તા. ૩૧-૧૨-૨૦૨૦ સુધીમાં ભરવાની રહેશે.૫ વર્ષ સુધીની પ્રેક્ટીસ ધરાવનારે (સનદ વર્ષ જાન્યુઆરી-૨૦૧૫ થી ડિસેમ્બર-૨૦૧૯) રૂ. ૫૦૦ અને ૫ વર્ષથી વધુ વર્ષની પ્રેક્ટીસ ધરાવનારે (સનદ વર્ષ ૨૦૧૪ થી અગાઉના તમામ વર્ષ) રૂ. ૧૫૦૦ વાર્ષિક ફી જમા કરાવવા બાર કાઉન્સીલના વાઈસ ચેરમેન શંકરસિંહ ગોહિલે જણાવ્યુ હતુ.

નૂતન વર્ષાભિનંદન..
રમેશભાઈ બી. વૈષ્ણવ
ખેડબ્રહ્મા, પ્રતિનિધિ
મો. ૯૪૨૬૨ ૫૯૩૬૦
ગાંધીનગર સમાચારમાં જાહેર ખબર તથા સમાચાર પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો

રમેશભાઈ વૈષ્ણવ MO: 9426259360
બાલાજી ન્યુઝ એજન્સી
BALAJI NEWS AGENCY
:: ડીસ્ટ્રીબ્યુટર :: પાન મસાલા,બીડી,સીગારેટ
- વંડર સાબુ - પ્રોપિઝન આઈટમ મળશે.
રમેશ સાઈકલવાળા
વાસણા રોડ,ચૌધરી માર્કેટ ખેડબ્રહ્મા(383255)

નૂતન વર્ષાભિનંદન
ધી વાસણા (ખેડ) દૂધ ઉ.સ. મંડળી
મુ.પો. વાસણા, તા. ખેડબ્રહ્મા, સાબરકાંઠા
ચેરમેન - પટેલ રામાભાઈ જુવાભાઈ
વા.ચેરમેન - પટેલ મહેન્દ્રકુમાર એસ.
સેક્રેટરી - ગોહિલ જગતસિંહ
તેમજ સ્ટાફ મિત્રો

બાલાજી ફેબ્રીકેશન
એન્ડ વુડન વર્કસ
વાસણા રોડ, ખેડબ્રહ્મા,
વસંતભાઇ મિસ્ત્રી
૯૪૨૭૫૯૪૯૧૧

...નૂતન વર્ષાભિનંદન... અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ, સંચાલિત ...નૂતન વર્ષાભિનંદન...
ડી.ડી. ઠાકર આર્ટ્સ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા
અંબાલાલ વી. પટેલ પ્રમુખ
એન.ડી. પટેલ આચાર્ય
જેઠાલાલ કે. પટેલ મંત્રી

Happy New Year R.D.Panchal Mo.9426597839 Ph (R) : 02775 222868
Jigar Bio Agrotek, Khedbrahma
જીગર બાયો એગ્રોટેક, ખેડબ્રહ્મા
(ખેતી ને લગતા ઓજારો ના સપ્લાયર્સ)
અંબિકા કોમ્પલેક્ષ ઘીજા માર્ગે પેટ્રોલ પંપ પાસે, ખેડબ્રહ્મા, જી.સા.કાં.

નૂતન વર્ષાભિનંદન...
પોશીના તાલુકા એફ.પી.એસ. એસોસીએશન
શ્રી ગુણવંતલાલ કે. શાહ પ્રમુખ
શ્રી આર. બી. પરમાર ઉપપ્રમુખ
શ્રી ભીખુસિંહ વી. ભાટી મંત્રી
-: કારોબારી સભ્યશ્રીઓ :-
શ્રી એસ. એન. ખેર, શ્રી આર. એલ. ગમાર, શ્રી આઈ.આઈ. મેમણ, શ્રી નરપતસિંહ દેવડા, શ્રી બી. એન. સોલંકી, શ્રી આર. જે. પંડ્યા, શ્રી કે. કે. ડાભી, શ્રી આઈ. એ. મેમણ
પોશીના તાલુકા દિનદયાલ ગ્રાહક ભંડારના તમામ સંચાલકશ્રીઓ તરફથી નવા વર્ષની હાર્દિક શુભેચ્છા

...નૂતન વર્ષાભિનંદન...
ડૉ. આર.ડી. ગોસ્વામી
તાલુકા હેલ્થ ઓફિસર
ખેડબ્રહ્મા

....નૂતન વર્ષાભિનંદન...
ધી ખેડબ્રહ્મા તાલુકા પ્રાયમરી ટીચર્સ ક્રેડીટ સોસાયટી લી.
ખેડબ્રહ્મા
મનુભાઈ આર. પટેલ ચેરમેન
શૈલેષકુમાર બી. દરજી વા. ચેરમેન
વ્યવસ્થાપક કમિટિ સભ્યો
ગુણવંતસિંહ એસ. રાઠોડ, પિયુષકુમાર ડી. પટેલ, વિમલકુમાર ડી. ગઢવી, આકાશકુમાર એમ. પટેલ, મેહુલકુમાર જે. પ્રજાપતિ, પ્રકાશકુમાર કે. વણકર
મનહરલાલ એમ. ડામોર, યેશાલીબેન એ. શાહ, નવીનભાઈ ડી. નિનામા, અંકીતકુમાર ડી. પટેલ, ગીરીશકુમાર પી. પટેલ, દિનેશભાઈ ડી. પટેલ-મંત્રી

નૂતન વર્ષાભિનંદન
સુરેશભાઈ એસ. પટેલ
(એમ.એસ.સી.બી.એડ.)(પ્રિન્સીપાલ)
પ્રમુખ - નોર્થ ગુજરાત યુવક સંઘ
ખેડબ્રહ્મા (સા.કાં.)
મો. ૯૪૨૮૧ ૮૯૦૦૯
સંતશ્રી નથ્થુરામબાપા જ્યોતિ વિદ્યાલય

નૂતન વર્ષાભિનંદન
st. John's Secondary School
English Medium
Pr. Antony George - Principal
Near - Pate Society, Khedbrahma (S.K.)
Ph. 02775 - 221478
Mo. 9427349804, 9429836537

કિલ્લોલ બાળકોની હોસ્પિટલ
નૂતન વર્ષાભિનંદન.. ન્યુ જલારામ મેડીકલ, ખેડબ્રહ્મા નૂતન વર્ષાભિનંદન..
ડૉ. મનીષ પટેલ (મો.૯૭૨૫૦૮૬૩૪૦)
ડૉ. શૈલેષ પ્રજાપતિ (મો.૯૬૬૨૪૭૫૦૭૦)
સદસ્ય - યુવા સંગઠન ગુજરાત (વળીયા પ્રજાપતિ સમાજ)

નૂતન વર્ષાભિનંદન
રાજેન્દ્રસિંહ જુજારસિંહ ચૌહાણ
એડવોકેટ એન્ડ નોટરી
(ગુજરાત સરકાર)
વા. ચેરમેન - ધી દેરોલ (વા) ગ્રુપ સેવા સહકારી મંડળી લી. દેરોલ (વા)
ઉપ પ્રમુખ - ખેડબ્રહ્મા શહેર ભાજપ - મો. ૯૪૨૭૦૩૮૦૫૧

નૂતન વર્ષાભિનંદન
ડૉ. હર્ષદકુમાર ડી. પટેલ
આયુષ કલીનીક
માતાજી રોડ
ખેડબ્રહ્મા
મો. ૯૯૨૪૭૪૨૩૨૩

સ્વાતિબેન એચ. પટેલ
સ્ટેમ્પ વેન્ડર
વૃંદાવન ઝેરોક્ષ
ઝેરોક્ષ તથા લેમીનેશન કરી આપવામાં આવશે.
તાલુકા સેવા સદન પાસે, સ્ટેટ હાઈવે, ખેડબ્રહ્મા

...નૂતન વર્ષાભિનંદન...
કાબરા બ્યુટી પાર્લર
સીવીલ રોડ, સીવીલની બાજુમાં - તા. ખેડબ્રહ્મા
આપના શુભ પ્રસંગે તથા લગ્ન પ્રસંગે તૈયાર થવાના ઓર્ડર લેવામાં આવશે.
જીજ્ઞાસા કાબરા - મો. ૯૩૭૭૮૫૬૪૪૦

...નૂતન વર્ષાભિનંદન...
ડૉ. અશ્વીન વી. ગઢવી
એમ.ડી.ડી.જી.ઓ ગાયકનોજીસ્ટ
જનરલ હોસ્પિટલ, ખેડબ્રહ્મા
મો. ૯૪૨૬૦૪૯૬૯૬

મનીષ ટેક્ષટાઇલ
કાપડના હોલસેલ વેપારી
શેઠ કે.ટી હાઇસ્કુલ પાસે, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા,
મનીષ કોઠારી-૯૪૨૬૩૩૭૬૭૧

નૂતન વર્ષાભિનંદન...
સરદાર કૃષિ પોલીટેક્નીક દાંતીવાડા
કૃ.યુ. ખેડબ્રહ્મા
જે.એન. પ્રજાપતી-આચાર્ય
તથા સ્ટાફ મિત્રો

નૂતન વર્ષાભિનંદન
આશીષ હોસ્પીટલ
જૈન મંદિર પાસે
ખેડબ્રહ્મા
ડૉ. આશીષ આર. વોરા
અભય આર. વોરા

નૂતન વર્ષાભિનંદન
વિરલ કિર્તીકુમાર વોરા એડવોકેટ
પ્રમુખ : બાર એસોશીએશન - ખેડબ્રહ્મા
રહેઠાણ - c/o. કિર્તીકુમાર એલ. વોરા
એડવોકેટ એન્ડ નોટરી
ગાયત્રી સોસાયટી, વાસણા રોડ, ખેડબ્રહ્મા. - ફોન નં. ૦૨૭૭૫-૨૨૦૫૧૨, મો. ૯૯૭૯૦૫૯૭૩૭
કમલ ઈશ્વરભાઈ પંડયા એડવોકેટ
રહેઠાણ - ૯, ગણેશ સોસાયટી, ખેડબ્રહ્મા. - મો. ૯૪૨૬૩૮૯૧૪૭
ઓફિસ : સિવિલ કોર્ટ સામે, ખેડબ્રહ્મા

નૂતન વર્ષાભિનંદન...
શંકરભાઈ એસ. પાંડોર
ખેડબ્રહ્મા

નૂતન વર્ષાભિનંદન
સરકારી આદર્શ નિવાસી શાળા (કન્યા)
ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા
સ્થળ : રામનગર કંપા રોડ - ખેડબ્રહ્મા
આચાર્યશ્રી તેમજ સમગ્ર શાળા પરિવાર